# જિલ્લાના તલાટીઓ દ્વારા ઓનલાઈન હાજરીનો બહિષ્કાર

**૨જી ડિસેમ્બરથી આંદોલન ઉગ્ર બનાવવાના મહામંડળના સ્પષ્ટ સંકેત**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં ૧૯૦ દેટલા તલાટીઓ દ્વારા મોબાઈલ એપથી ઓનલાઈન હાજરીના નિર્ણયનો બહિષ્કાર કરવામાં આવ્યો છે.

બીજી તરફ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા પણ ઓનલાઈન હાજરીનું રજીસ્ટ્રેશન નહિ કરાવનાર તલાટીઓની સી.એલ. ગણવાના આદેશો આપ્યા છે.

તંત્ર અને તલાટી મહામંડળ આ મુદ્દે ઘર્ષણના માર્ગે આવી ગયા છે. મળતી વિગતો પ્રમાણે તલાટી મહામંડળની તાજેતરમાં અડાલજ ખાતે બેઠક મળી હતી. અને તેમાં સરકારના આ નિર્ણયનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે મહામંડળે સરકારને ૨જી ડિસેમ્બર સુધીમાં પોતાનો નિર્ણય પાછો લેવા જણાવ્યુંમ છે નહિ તો ૨જી ડિસેમ્બર પછી કોઈ તલાટી દ્વારા મહેસુલી કામગીરી કરવામાં આવશે નહિ તેવી પણ ચેતવણી આપી છે.

મહામંડળે જણાવ્યું છે કે, તલાટી સંવર્ગમાં મહિલા કર્મચારીઓની સંખ્યા પણ વિશેષ છે અને જે એપ દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાની વાત છે તેમાં ફોટાનો ભવિષ્યમાં દુરૂઉપયોગ થવાની સંભાવના પણ વધુ છે.

મહામંડળે સરકારને ત્વરિત આ અંગે પુન: વિચારણા કરવામાં આવે તેવી માંગ સાથે આંદોલન ઉગ્ર બનાવવાની ફરજ પડશે તેમ પણ સ્પષ્ટ ચીમકી આપી છે.



બાળપણ કોને કહીએ..! કોઈપણ જાતની ચિંતા વિના પોતાની મસ્તીમાં બિન્દાસ્ત જીવવું... મનમાં આવે તે કરવું... રમવું, કુદવુ, ઉછળવુ અને મસ્તીમાં જ રહેવું... બાળપણ જીવનનો એવો તબક્કો છે જેને કોઈપણ વ્યક્તિ આજીવન યાદ રાખે છે. જો કે કમનસીબી એ છે કે બાળપણ ઈચ્છીએ તો પણ પાછુ આવતુ નથી. દિવાળી ગઈ એને હવે મહિનો થશે પરંતુ આ બાળકોને તો તહેવારો આવે અને જાય એની કાંઈ પડી નથી. એમને તો માત્ર ફટાકડાં ફોડવાનો આનંદ લેવો છે અને તે પણ વહેલી સવારે... જેને જે કહેવુ હોય તે કહે... યહાં દુનિયા કી કિસકો હૈ ફિકર..!

# નવા આવાસો બાંધવા માટે ટુંકમાં નવી સાઈટની પસંદગી કરાશે

**સે. ૨૮, સે. ૨૨, સે. ૨૯ અને સે. ૭માં જુના આવાસો તોડી નાંખવામાં આવ્યા બાદ જગ્યા ખુલ્લી થઈ છે**

ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં રહેણાંકને લાયક સરકારી આવાસોની સંખ્યા દિનપ્રતિદિન ઘટી રહી છે. જ્યારે જોખમી સરકારી આવાસો તોડવાનુ કામ હાથ ધરવામાં આવતા સેક્ટરોમાં ખુલ્લી જગ્યાના અભ્યાસના અંતે નવા આવાસ બનાવવા આયોજન કરવામાં આવશે. આગામી દિવસોમાં જુના સેક્ટરોમાં નવા આવાસો બાંધવા માટે ખાલી જગ્યાના સર્વેના અંતે સાઈટ નક્કી કરાશે.

શહેરમાં નિકાલ હેઠળના સરકારી મકાનો તોડવાની કામગીરી બાદ સેક્ટરોમાં સર્વેના અંતે તબક્કાવાર જોખમી આવાસો તોડવામાં આવી રહ્યા છે. માર્ગ મકાન વિભાગ દ્વારા અત્યાર સુધી જુના અને જર્જરિત સરકારી મકાનો તોડવામાં આવ્યા બાદ સે. ૭, સે. ૨૯ અને સે. ૩૦માં વિવિધ કક્ષાના સરકારી આવાસો બાંધવામાં આવ્યા છે. ટાવર કોલોનીના નિર્માણ બાદ હાલ કોર્પોરેટ લુક ધરાવતા મકાનોમાં રહીશોનો વસવાટ શરૂ થઈ ગયો છે જ્યારે હાલ સે. ૬માં નવા સરકારી આવાસો બાંધવા માટે કામગીરી ચાલી રહી છે. જ્યારે આગામી દિવસોમાં બી અને સી કક્ષાના સરકારી આવાસો બનાવવા માટે આયોજન કરવામાં આવશે. હાલ સરકારી આવાસો તોડવાનુ કામ ચાલી રહ્યું છે જ્યારે કર્મચારીઓની જરૂરીયાતને ધ્યાને લઈ હજી નવા આવાસો બનાવવા માટે પણ ટુંકમાં ખાલી જગ્યાનો સર્વે હાથ ધરી સાઈટ નક્કી કરાશે. હાલની સ્થિતિએ સે. ૨૯, સે. ૭માં ખુલ્લી જગ્યા ઉપલબ્ધ છે જ્યારે સે. ૨૮ અને સે. ૨૨માં પણ જુના મકાનો તોડવામાં આવ્યા બાદ ખુલ્લી જગ્યા છે. આવા સંજોગોમાં હવે નવા આવાસો બાંધવાનું સે. ૨૮ તેમજ સે. ૨૨માં સાઈટ પસંદ કરવામાં આવે તેવી સંભાવના છે.

# ‘ગ’ માર્ગ પર સ્ટ્રીટ લાઈટના ૨૫૦ થાંભલા નવા નંખાશે

**સેક્ટરોમાં જોખમી થાંભલા દૂર કરી તબક્કાવાર નવા પોલ નાંખવામાં આવશે : તંત્ર સર્વે મુજબ આયોજન કરશે**

ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં સ્ટ્રીટલાઈટના થાંભલા કટાયેલી અને કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. ચાર દાયકા જુના થાંભલાઓ ઘણીવાર જોખમી પુરવાર થાય તેમ છે. ત્યારે તબક્કાવાર સ્ટ્રીટલાઈટના થાંભલા બદલવા કામગીરી હાથ ધરાશે. નગરના ‘ગ’ માર્ગ પર અંદાજિત ૨૫૦ જેટલા સ્ટ્રીટલાઈટના પોલ્સ બદલી નવા નાંખવામાં આવશે. આ કામગીરી પાછળ રૂ. ૪૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

ગાંધીનગર શહેરના વિવિધ મુખ્ય માર્ગો તેમજ સેક્ટરોના આંતરિક રસ્તાઓ પર સ્ટ્રીટલાઈટના ૧૮ હજાર થાંભલા છે. શહેરના સેક્ટરોમાં અજવાળુ પાથરવા ચાર દાયકા પૂર્વે સ્ટ્રીટલાઈટના થાંભલા ફીટ કરવામાં આવ્યા હતા જ્યારે વર્ષો જુના આ પોલ્સ કલરકામ સહીત યોગ્ય જાળવણીના અભાવે હાલ કટાયેલા અને કંગાળ જોવા મળી રહ્યા છે. સેક્ટરોમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો અનેકવાર ઉઠે છે.

બીજી તરફ કટાયેલા થાંભલાના ઢાંકણો પણ ખુલ્લા હોવાથી આ થાંભલા ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી સ્થિતિ છે. જાહેર ખબરનુ માધ્યમ બનતા આ પોલ્સની યોગ્ય જાળવણી થઈ નથી. જ્યારે વરસાદ અને વાવાઝોડાના સમય દરમિયાન પણ સેક્ટરોમાં પોલ્સ જમીનદોસ્ત થયા હોવાના કિસ્સા છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા શહેરમાં સ્ટ્રીટલાઈટના થાંભલા અંગે સર્વે હાથ ધરવામાં આવ્યો છે. તબક્કાવાર જોખમી થાંભલા બદલવા કામ હાથ ધરાશે. હાલ નગરના ‘ગ’ માર્ગ પર સ્ટ્રીટલાઈટના થાંભલા બદલવા માટે આયોજન કરાયું છે. ‘ગ’ માર્ગ પર ૨૫૦ જેટલા નવા થાંભલા નાંખવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૪૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. થોડા સમય અગાઉ ‘છ’ માર્ગ પર નવા પોલ્સ નાંખવામાં આવ્યા પછી આગામી દિવસોમાં સેક્ટરોમાં તબક્કાવાર જોખમી થાંભલાઓ બદલી નવા નાંખવામાં આવશે. આ માટે હાલ સર્વે પણ હાથ ધરાયો છે.

# પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી ૩૦મીએ ગાંધીનગર આવશે

**ગાંધીનગર નજીક અમરાપુર ખાતે નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના એવોર્ડ વિતરણ સમારોહમાં ઉપસ્થિત રહેશે**



ગાંધીનગર, તા.૨૬

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી ૩૦મી નવેમ્બરના રોજ ગાંધીનગર આવી રહ્યા છે.

પૂર્વ રાષ્ટ્રપતિ નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના ઉપક્રમે ડૉ. એપીજે અબ્દુલ કલામ ઈનોવેટીવ એવૉર્ડઝ-૨૦૧૯ના વિતરણ માટે આવી રહ્યા છે.

તેઓ ગાંધીનગર નજીક અમરાપુર ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં હાજરી આપશે. આ ઉપરાંત તેઓ અહિ સંવાદ કાર્યક્રમમાં પણ ભાગ લેશે. પૂર્વ રાષ્ટ્રપતિના આગમનને પગલે તંત્ર દ્વારા પણ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

તેઓ ૩૦મીએ સવારે હવાઈ માર્ગે અમદાવાદ આવશે. આ પછી તેઓ અમરાપુર જશે. અમરાપુર ખાતે નેશન ઈનવોશેન ફાઉન્ડેશન દ્વારા પણ જોરશોરથી કાર્યક્રમને લઈ તૈયારીઓ ચાલી રહી છે.

# જિલ્લામાં ધીમી ગતિએ મગફળીની ટેકાના ભાવે ખરીદી સામે રોષ

**જિલ્લામાં હજુ સુધી ૭૦ ખેડૂતોની ટેકાના ભાવે ૧૪૦૦ ક્વીન્ટલ મગફળીની ખરીદી થઈ : ખેડૂતોમાં રોષ : ડાંગરની ખરીદી પણ ધીમી ગતિએ ચાલે છે**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૪૦૦ ક્વીન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. જિલ્લામાં હાલ મગફળીની ખરીદી ધીમી ગતિએ ચાલી રહી છે. માત્ર ૭૦ ખેડૂતો પાસેથી જ આ ખરીદી થઈ શકી છે.

જિલ્લામાં હાલ ડાંગરની પણ ટેકાના ભાવે ખરીદીની કામગીરી ચાલી રહી હોવાથી મગફળીની ખરીદીમાં ગતિ આવી શકી નથી કારણ કે આ માટે સ્ટાફ અને જગ્યાનો પણ અભાવ છે. ડાંગરની ખરીદી હજુ એકાદ સપ્તાહ સુધી ચાલશે. આ પછી તેમાં ગતિ આવશે. મળતી વિગતો પ્રમાણે ગ્રેડીંગમાં ઘણા બધા ખેડૂતોની મગફળી રિજેક્ટ કરવામાં આવતાં ખેડૂતોમાં પણ રોષની લાગણી ઉભી થવા પામી છે. ખોટા બ્હાના બતાવી આવું તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યાની વાતો પણ ખેડૂતો કરી રહ્યા છે. ડાંગર માટે માત્ર ૧૭૮ ખેડૂતોનું



જ રજીસ્ટ્રેશન થયું હતું પરંતુ હજુ સુધી આ ખરીદીની કામગીરી પૂર્ણ થઈ નથી અને ખેડૂતોને બપોર પછી બોલાવવામાં આવે છે જે યોગ્ય નથી. જિલ્લામાં મગફળીના વેચાણ માટે ૩૪૦૦થી વધુ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ ંછે. જો આમ મંદગતિએ ખરીદી ચાલશે તો રવિ સીઝન પણ પૂર્ણ થઈ જશે અને ખેડૂતો વાવણીમાં નહિ પણ ટેકાના ભાવે ઉત્પાદનના વેચાણમાં જ વ્યસ્ત રહશે. તેથી સરકારે અસરકારક વ્યવસ્થા ઉભી કરવી જોઈએ તેવું ખેડૂતો કહી રહ્યા છે.

જિલ્લામાં મગફળીનું વાવેતર ૬ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં થયું હતું અને આ વખતે સારો વરસાદ થતાં વિક્રમી ઉત્પાદન થવાના અંદાજો છે. ૭૦ ખેડૂતોએ જ ૧૪૦૦ ક્વીન્ટલ જેટલો જથ્થો વેચાણ માટે આપ્યો છે તે જ બતાવે છે કે, જિલ્લામાં ઉત્પાદન વિક્રમી થયું છે.

# પેથાપુર-રાંધેજા-રૂપાલ માર્ગને વાઈડનીંગ કરવાનું કામ હાથ ધરાશે

**માર્ગ વાઈડનીંગ પાછળ ૧૫ કરોડનો ખર્ચ થશે : રૂપાલ વરદાયિનીમાતાના દર્શને જતા ભાવિકોને પણ સલામત રોડ નેટવર્ક ઉપલબ્ધ થશે**

ગાંધીનગર, તા. ૨૬

પેથાપુર-રાંધેજા-રૂપાલ અને નારદીપુરને જોડતા ૧૪ કી.મી.ના માર્ગને ૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરવા માટે ટ્રેકમાં કામ હાથ ધરાશે. આ કામગીરીને



અનુલક્ષીને અંદાજિત રૂ. ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ માર્ગને વાઈડનીંગ કરવાનું કામ પૂર્ણ થયા બાદ રૂપાલ સ્થિત વરદાયિની મંદિર તરફ જતા ટ્રાફિકને સલામત રોડ નેટવર્ક ઉપલબ્ધ થશે.

પેથાપુર-રાંધેજા-રૂપાલ તરફના આ માર્ગને ફોરલેન કરવા સ્થાનિક ગ્રામજનોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. જો કે આ રસ્તાને ફોરલેન બનાવવા હાલ યોજના નથી. પરંતુ આ માર્ગના વાઈડનીંગનું ટુંકમાં કામ હાથ ધરાશે જે અન્વયે પેથાપુર-રાંધેજા-રૂપાલ-નારદીપુર તરફ જતા ૧૪ કી.મી.ના માર્ગને ૭ મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરવાનું કામ હાથ ધરાશે. આ માર્ગના વાઈડનીંગ પાછળ અંદાજિત રૂ. ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કાર્યયોજનાને અનુલક્ષી હાલ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જ્યારે આગામી દોઢ મહીનામાં માર્ગને પહોળો કરવાનુ કામ હાથ ધરાશે. ૧૪ કી.મી.ના આ માર્ગના વાઈડનીંગનું કામ પૂર્ણ થયા બાદ આ રૂટનું રોડનેટવર્ક વધુ સલામત બનશે. ટ્રાફિકની અવરજવર વધુ સરળ બનશે. આ ઉપરાંત રૂપાલ સ્થિત વરદાયિની માતાના મંદિર તરફ જવા માટે દર્શનાર્થીઓને સાનુકૂળતા રહેશે. છેલ્લા ઘણા સમયથી આસપાસના ગ્રામજનો દ્વારા આ માર્ગને ફોરલેન કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી હતી. આ અંગે ઉચ્ચકક્ષાએ અનેકવાર રજૂઆત પણ કરવામાં આવી છે. પરંતુ હાલ આ કામગીરીને અનુલક્ષી અંદાજિત ૧૫ કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે જ્યારે હાલ આ માર્ગને વધુ ૩ મીટર પહોળો કરવાનું કામ હાથ ધરાશે.

# હવે અમદાવાદ-રાજકોટ સેમી હાઈસ્પીડ કોરિડોરને બહાલી

**૧૧૩૦૦ કરોડનો પ્રોજેક્ટ : બે કલાકમાં પ્રવાસ : અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ સાથે જોડવામાં આવશે**

ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોતાના વતન શહેરને વધુ એક ભેંટ આપી દીધી છે. આના ભાગરુપે સરકારે અમદાવાદ-રાજકોટ સેમી હાઈસ્પીડ રેલ કોરિડોરને લીલીઝંડી આપી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટ ૧૧૩૦૦ કરોડથી વધુનો છે. રાજ્ય સરકાર દ્વારા દ્વારા આખરે અમદાવાદ અને રાજકોટ વચ્ચે સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટને મંજૂરી આપી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટનો કુલ અંદાજીત ખર્ચ ૧૧,૩૦૦ કરોડ રૂપિયા થશે, જેને કેન્દ્ર સરકારનાં અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ સાથે જોડવામાં આવશે. રાજ્ય સરકારે જમીન સંપાદન માટે સમસ્યા ન ઉદ્દભવે તે માટે અમદાવાદ અને રાજકોટ વચ્ચેના નેશનલ હાઈવે નંબર ૪૭ની બાજુમાં જ આ ટ્રેન કોરિડોર બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ રૂટ પર ટ્રેનો ૧૬૦ કિમીની ઝડપે દોડશે અને બંને શહેરો વચ્ચેનું અંતર માત્ર બે કલાકમાં કાપી શકાશે. આ પ્રોજેક્ટથી સૌરાષ્ટ્રનાં અને બીજા શહેરોની કનેક્ટિવિટી વધશે અને મુસાફરોનાં સમય સાથે ઈંધણ પણ બચશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રોજેક્ટની મંજૂરી આપતાં આ રૂટ હેઠળ આવતાં લાખો પેસેન્જરોમાં પણ ખુશીની લાગણી ફેલાઈ છે. મુખ્યમંત્રીના સચિવ અને ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ (જીઆઈડીબી)ના સીઈઓ અશ્વિની કુમારે જણાવ્યું હતું કે, અમદાવાદ અને રાજકોટ વચ્ચે પેસેન્જર્સની સંખ્યા વર્ષે ૯ ટકાના દરે વધી રહી છે. ૨૦૦૭માં બંને શહેરો વચ્ચે દર વર્ષે ૧૯ લાખ લોકો મુસાફરી કરતા જે ૨૦૧૭માં વધીને પ્રતિવર્ષ ૪૫ લાખ થઈ ગયા હતા. નવા સેમી હાઈસ્પીડ રૂટથી બંને શહેરો વચ્ચેનું અંતર ત્રણ કલાકથી પણ ઓછું થઈ જશે. અમદાવાદ અને રાજકોટ વચ્ચે વર્ષે ૫૦ લાખ

● અનુસંધાન પાન-૭ પર

# મહેસુલ કર્મચારી મહામંડળ દ્વારા આજથી આંદોલનના શ્રીગણેશ થશે

**વર્ક ટુ રૂલ અને મહેસુલ કામગીરી સિવાયની કામગીરીનો બહિષ્કાર કરવાનો મહામંડળનો આદેશ**

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળે આજથી વર્ક ટુ રૂલના આંદોલન પર જવાની જાહેરાત કરી છે.

મહામંડળના પ્રમુખશ્રી વિરમભાઈ દેસાઈએ જણાવ્યું છે કે, મહેસુલ કર્મચારીઓના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા પુનઃ આંદોલનનો માર્ગ અપનાવવાની ફરજ પડી છે.

તેમણે કહ્યું હતું કે, અમે આંદોલન તબક્કાવાર કરીશું. સરકાર સમક્ષ વારંવાર અમારા પ્રશ્નો અંગે રજૂઆત કરી છે. પરંતુ સરકાર દ્વારા કોઈ જ સકારાત્મક પ્રતિસાદ હજુ સુધી આવ્યો નથી જેનાથી કર્મચારીઓમાં દુઃખની લાગણી ઉભી થવા પામી છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, ૧૬મી ઓગષ્ટે અમે પત્ર લખ્યો ત્યારે પણ તબક્કાવાર આંદોલનની ચીમકી સાથે લખ્યો હતો પરંતુ કોઈ જ પ્રત્યુત્તર સરકારે આપ્યો નથી.

દેસાઈએ જણાવ્યું હતું કે, ૨૯-૮-૧૯ના રોજ અચોક્કસ મુદતની હડતાલ પર જવાનું નક્કી કરાયું હતું પરંતુ તે સમયે સુખદ અને હકારાત્મક નિરાકરણની સરકાર દ્વારા ખાતરી અપાઈ હતી. પરંતુ તે પછી ત્રણ મહિના જેટલો સમય પસાર થયા પછી પણ અમારા પ્રશ્નો અંગે કોઈ જ પ્રતિસાદ આપવામાં આવ્યો નથી.

આથી મહામંડળે ૨૭મી નવેમ્બરથી પહેલા વર્ક ટુ રૂલ આંદોલનનો આરંભ કરી એટલું જ નહિ પ્રશ્નોનું નિરાકરણ ના આવે ત્યાં સુધી મહેસુલી કામગીરી સિવાયની તમામ કામગીરીનો બહિષ્કાર કરવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com